ગાંધીનગર સમાચાર
તા. ૧૨-૧-૨૦૧૫, સોમવાર

તંત્રી સ્થાનેથી....

સુકાની બદલવાની હિલચાલથી કોંગ્રેસ બચશે

એકસો ત્રીસ વરસની કારકિર્દી દરમિયાન કયારેક નહીં અનુભવાયેલી અવદવ કોંગ્રેસની નેતાગીરી ૨૦૧૫ના વર્ષ દરમિયાન અનુભવી રહી છે. કોંગ્રેસનો ભવ્ય અને ભાતીગળ ભૂતકાળ નવી પેઢીના ભારતીય નાગરિક માટે ઇતિહાસ બની ચૂક્યો છે. અલબત્ત, હજી કોંગ્રેસનાં મૂળ સમૂળગાં ઊખડી ગયાં નથી. પરંતુ જે ગતિથી નરેન્દ્ર મોદીનો વિજયરથ દેશના ખૂણે ખૂણે ફરી ભગવો ફરકાવી રહ્યો છે એ જોતાં આગામી વર્ષોમાં કોંગ્રેસ માટે ફરી બેઠા થવાનું ઘણું અઘરું છે. પ્રજાએ દરેક રાજયમાં એને ત્રીજા-ચોથા સ્થાને હડસેલી દીધી છે. અહીં ગુજરાતમાં અને નજીકનાં રાજયોમાં પ્રાદેશિક પાર્ટીઓનું અસ્તિત્વ જ નહી હોવાને લીધે કોંગ્રેસ વિધાનસભામાં વિપક્ષનું સ્થાન ધરાવે છે. કેન્દ્ર સરકારમાં તો એને અધિકૃત વિરોધપક્ષની ગરિમા પણ ઉપલબ્ધ નથી થઇ શકી. સોનિયા ગાંધીએ જ કયારેક પછડાટ ખાઇ રહેલી કોંગ્રેસનું સકાન લઇ એને ફરી પાછી સત્તાસ્થાને પહોંચાડી હતી. ત્યારે બિહારના ઓબીસી નેતા સીતારામ કેસરીને રાતોરાત રાષ્ટ્રીય અધ્યક્ષપદેથી ઉતારી મૂકી સોનિયા ગાંધીને સુકાન સોંપાયું હોવાની ઘટના ખૂબ જાણીતી છે. નરેન્દ્ર મોદીએ ૨૦૧૪ની લોકસભાની ચૂંટણી જીતવા માટે આ મુદ્દો ખૂબ ચગાવ્યો હતો અને મતદારોમાં કોંગ્રેસના પરિવારવાદી વલણ સામે સૂગ પેદા કરી એનો લાભ ઉઠાવ્યો હતો. હવે ખુદ કોંગ્રેસીઓમાં આ નહેરુ-ગાંધી પરિવારના એકહથ્થુ નેતૃત્વ સામે છૂપો આક્રોશ છે, કોંગ્રેસને મૃતઃપ્રાય સ્થિતિમાંથી બેઠી કરવી હોય તો નવું નેતૃત્વ પરિવારમાંથી નહીં બલકે આમ પ્રજામાંથી ઊભું કરવું પડશે, એટલી સાદી સમજણ તો ગ્રાસરૂટ સ્તરના કોંગ્રેસી કાર્યકરમાં પણ હોય જ. પરંતુ દરબારી સામંતો હજી નહેરુ-ગાંધી પરિવારમાંથી જ નવા તારણહારની તલાશ કરવાનો મત ધરાવે છે. વરિષ્ઠ છતા વિવાદાસ્પદ અને બોલકા કોંગ્રેસી નેતા દિગ્વિજયસિંહ શરૂથી જ રાહુલ ગાંધીના ઘડવૈયા ('મેન્ટર') રહ્યા છે. સ્વાભાવિક છે કે રાહુલ પક્ષ પ્રમુખ બને તો દિગ્વિજય જ પડદા પાછળના પ્રમુખ બની જાય. તેઓ સોનિયા ગાંધીને તબિયત સંભાલવાની સુફિયાણી સલાહ આપી પાર્ટીનું સુકાન યુવરાજ રાહુલને સુપરત કરવા સમજાવી રહ્યા છે. સોનિયા ગાંધી પણ હવે થાક્યાં છે અને આંખ મીંચાય એ પહેલાં રાહુલનો રાજકીય ઉદય નિહાળવા માગે છે. આખરે એ મા છે. કોંગ્રેસનું જ બીજું એક જૂથ અત્યાર સુધીની ચૂંટણીઓમાં રાહુલ ગાંધીને મળેલી સરિયામ નિષ્ફળતાનો હવાલો આપી ગાંધી પરિવારના હુકમના એક્કા જેવું પ્રિયંકાનું પાનું ઉતરવાની સલાહ આપે છે. અલબત્ત, આ જૂથ સોનિયા ગાંધી સુધી કોઇ અસરકાર વગ ધરાવતું નથી. વળી કેથોલિક ખ્રિસ્તી મહિલા તરીકે સોનિયા ગાંધીનું પુત્રવાદી વલણ પણ અજાણ્યું નથી. ખાટલે મોટી ખોડ એ વાતની છે કે કોઇ પણ કાર્યકર આ પરિવાર બહારના સર્વમાન્ય કોંગ્રેસી આગેવાન તરીકે અન્ય કોઇ રાષ્ટ્રીય નેતાનું નામ લેવાની હિંમત દર્શાવી શક્યો નથી. કોંગ્રેસની આ પરોપજીવી માનસિકતા એના શતમુખ વિનિપાતનું સાચું કારણ છે. નેહરુ-ગાંધી પરિવાર સિવાય કોંગ્રેસને કોઇ આ અસ્તિત્વની આફતમાંથી ઉગારી જ ન શકે, એવું વલણ કેટલું ઘાતક છે, તેનો પરચો મળી ગયો હોવા છતાં કોંગ્રેસીઓને હજી ઝેરનાં પારખાં કરવાનો મોહ ન છૂટતો હોય તો કદાચ ઉપરથી ભગવાન હેઠો ઊતરે તોય એમને બચાવી નહીં શકે, તે નક્કી છે.

ગાંધીનગરના સે-૨ ઉમાં આવેલ કડી સર્વ વિદ્યાલય કેમ્પસમાં જયોતિ મહિલા મંડળ દ્વારા તેજ આઈ સેન્ટરના સહયોગથી નિઃશુલ્ક ડાયાબીટીશ અને આઈ ચેક અપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેમ્પસની તમામ સંસ્થાઓના કર્મચારીઓએ તેમના પરિવાર સહિત મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી નિદાન કરાવ્યું હતું અને આંખોના રોગો અંગે રજૂ કરાયેલું ડેમોન્સ્ટ્રેશન નિહાળ્યું હતું. આ કેમ્પ માટે કેમ્પસ ડાયરેકટર ડૉ. સોમભાઈ પટેલ, લતાબેન ચોકસી, સી.એમ. હાઈસ્કૂલના આચાર્ય બી.કે. પટેલ અને કુ. ચેતના બુચે ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર ૧૨ થી ૧૯ જાન્યુઆરી 'રાષ્ટ્રીય યુવા સપ્તાહ' તરીકે ઉજવશે

૧૨ જાન્યુઆરીએ સ્વામી વિવેકાનંદજીનો જન્મદિવસ છે જેને ભારત સરકારના યુવા કાર્યક્રમ અનેખેલ મંત્રાલય દ્વારા 'રાષ્ટ્રીય યુવા દિવસ' તરીકે જાહેર કરેલ છે. આ યુવા દિન ૧૨ થી ૧૯ જાન્યુઆરી સમગ્ર દેશમાં નહેરુ યુવા કેન્દ્રો, રાષ્ટ્રીય સેવા યોજના દ્વારા 'યુવા સપ્તાહ' તરીકે ઉજવવામાં આવે છે. યુવા દિન નિમિત્તે નહેરુ યુવા કેન્દ્ર, ગાંધીનગર દ્વારા ૧૨ જાન્યુઆરીના સોમવારે ૮.૩૦ કલાકે વિધાનસભા પોડિયમ ખાતે યુવા કાર્યકરો દ્વારા પુષ્પાંજલિ કરાશે ત્યારબાદ સીવીલ હોસ્પિટલ કંપાઉન્ડ ખાતે સ્વામી વિવેકાનંદજીની પ્રતિમા ખાતે પુષ્પાંજલિ અને દેશભક્તિના ગીતોનું ગાન, ખ-૨ ખાતે નવી મુકાયેલ સ્વામી વિવેકાનંદજીની પ્રતિમાને પુષ્પાંજલિ-પુષ્પાર્પણ કાર્યક્રમ ત્યારબાદ ટાઉનહોલ સ્વામી નહેરુ યુવા કેન્દ્રના પ્રદર્શન હોલ ખાતે મંગલદીપ પ્રાગટય-પુષ્પાંજલિ, સ્વામી વિવેકાનંદજીની પુસ્તિકાનું વિતરણ આ ઉપરાતં સપ્તાહ દરમિયાન જિલ્લામાં કલોલ, દહેગામ, માણસા તાલુકાના વિવિધ ગામોમા નિબંધ લેખન, વકતૃત્વ સ્પર્ધા, પરિસંવાદ, રમતગમત સ્પર્ધા, રકતદાનનું આયોજન કરેલ છે.

ગાંધીનગર જિલ્લાના કલોલ તાલુકામાં આવેલ સોજા ખાતેની એચ.એમ. સાર્વજનિક હાઈસ્કૂલના પટાંગણમાં ઉત્તરાયણ પર્વની સલામત ઉજવણી કરવા અંગે જાહેર ચર્ચા કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમમાં જેટકો કંપનીના ૪૦૦ કેવી સબ સ્ટેશનના નાયબ ઈજનેર એ.બી. પટેલ, જુનિયર એન્જિનીયર જી.કે. સોલંકી, ઈલેકટ્રીક આસીસ્ટન્ટસ ડી.કે. સોલંકી અને એ.એમ. ઠાકોર વગેરે ઉપસ્થિત રહ્યા હતાં. આ ચર્ચા કાર્યક્રમમાં ઉત્તરાયણ પર્વની સલામત ઉજવણી માટે માર્ગદર્શક મંતવ્યો, અભિપ્રેરક અભિપ્રાયો, પથદર્શક સૂચનો પૂરા પાડવામાં આવ્યા હતા. બાળકોને પતંગ ચગાવતી વખતે, પેચ લડાવતી વખતે સાવચેતી રાખવા, વિજ ઉપકરણો, મેગ્નેટિક ટેપ, ચાઈનીઝ દોરી વગેરેના ઉપયોગ સામે ગંભીર માર્ગદર્શન અપાયું હતું. આ ઉપરાંત પતંગ લૂંટવાનો આનંદ પણ જળવાઈ રહે તે માટે સાવધાની રાખવા, વાહન અકસ્માતથી બચવા, પક્ષીઓ સહિત પર્યાવરણ અંગે જ નડતરરૂપ ન બનવા વગેરે બાબતો અંગે ચર્ચા વિચારણા કરાઈ હતી. બાળકોને આ સૂચનાઓના અમલ માટે શપથ લેવડાવવામાં આવ્યા હતાં.

માણેકલાલ પટેલ : વિચક્ષણ વહીવટકર્તા

પ્રસંગસર

માનુષ્યે સતિ દુર્લભા પુરૂષતા પુંસ્ત્વે
પુનર્વિપ્રતા, વિપ્રત્વે બહુવિધાતાતિ
ગુણતા વિદ્યાવતોઅર્થજ્ઞતા।
અર્થજ્ઞસ્ય વિચિત્રવાકચપટુતા તત્રાપિ
લોકજ્ઞતા, લોક જ્ઞસ્ય સમસ્તશાસ્ત્રવિદુષ્તે
ધર્મેમતિ, લોકજ્ઞસ્ત સમસ્તશાસ્ત્રવિદુષ્તે ધર્મેમતિર્દુલભા॥

સુભાષિત રત્ન ભાંડાગારના બીજા પ્રકરણ 'સામાન્ય નીતિ'નો શ્લોક 'દુર્લભ' બાબતોની યાદી આપતાં કહે છે કે,

મનુષ્યપણું જ દુર્લભ છે. તેમાં પણ 'પુરુષ' પણું દુર્લભ છે. પુરુષપણામાં પણ બ્રાહ્મણત્વ મળવું કઠિન. બ્રાહ્મણત્વમાં પણ વિદ્વાનપણું દુર્લભ છે. વિદ્વાન સાથે ગુણવાન હોવું વધારે દુર્લભ છે. વિદ્યા પણ હોય અને સદ્‌ગુણસંપન્ન પણ હોય પણ એમાં પણ વ્યવહારિક જ્ઞાન-કોઈ પણ ક્રિયા-વાતનો વાસ્તવિક અર્થ જાણનાર હોવું દુર્લભ છે. શ્લોક-વિચાર-કોઈપણ વાતનો અર્થ કદાચ જાતે જાણી પણ શકે પણ તે બીજાને સમજાવવાની -અભિવ્યક્તિ સાથે તેનો અર્થ સમજાવી શકનાર દુર્લભ છે. તેમાં આશ્ચર્યકારક સુંદર વાકપટુતા હોવી જરૂરી છે, જે દુર્લભ છે.



સર્વ વિદ્યાલયમાં જોડાયા પછી માણેકદાદા વિશે આ વખતે શું લખું તે ઉપરોક્ત વાકય યાદ આવ્યા... જેમાં મને માણેકલાલ સાહેબમાં દેવદૂતના દર્શન થયા. તેઓએ છગનભાના જીવનમંત્ર 'કર ભલા હોગા ભલા'ને ચરીતાર્થ કરીને આગળ વધ્યા હતા. આજે માણેકદાદાને અનુસરીને આવા ઘણા માણેક આજે આગળ વધવાનો પ્રયત્ન કરી રહ્યા છે. તેમના જીવનની કાર્યમાંથી એક કેળવણીવિદ સંચાલક કેવી રીતે બની રહ્યા તે વિશે આજે તેમને શ્રદ્ધાસુમન આપતાં જણાવવું છે.

માણેકલાલ પટેલે અભ્યાસક્ષેત્રે, સી.ઓ. સાહેબ તરીકે, ભાગ્યોદય હોસ્પિટલના સેટલર, ઔદ્યોગિક દુનિયામાં, સમાજક્ષેત્રમાં દરેક જગ્યાએ ઉચ્ચ સફળતા પ્રાપ્ત કરી હતી. આ દરેક પાછળ તેમનું મેનેજમેન્ટ ખુબ જ પ્રબળ રહ્યું હતું. આદર્શ આચાર્ય, શિક્ષણ કે વિદ્યાર્થી કેવો હોવો જોઈએ એ વિશે ઘણું વિચારાયું છે અને ઘણું લખાયેલું છે. પણ કેળવણીની સંસ્થા સ્થાપનાર અને ચલાવનાર સંચાલક વિશે વાતો ઘણી થઈ હશે પણ ઘણું જ ઓછું લખાયું છે. કેળવણીક્ષેત્ર સાથે જોડાયેલ તમામને માણેકલાલ સાહેબ કેવી રીતે સફળતા પ્રાપ્ત કરી તેના પાછળ રહેલું એક કેળવણીવિદ્ સંચાલક તરીકે માણેકલાલ સાહેબની કામગીરી પર એક નજર કરીએ..

આદર્શ સંચાલકની વ્યાખ્યા બાંધવી હોય તો ભ્રષ્ટાચારથી ખદબદતા આ ક્ષેત્રમાં પણ ખારા પાટમાં એકાદ મીઠી વીરડી લાધે અથવા ધગધગતા રણમાં એકાદ રણધ્વીપની હરિયાળી મન અને આત્માને ઠંડક આપે એમ એક તેજસ્વી સંચાલકના દર્શન જરૂર થઈ શકે અને આવી એક વ્યક્તિનું નામ છે માણેકલાલ માધવલાલ પટેલ. તેમની ચર્યા અને આચાર જોતા રહો તો ઉત્તમ સંચાલકનાં લક્ષણો દેખતાં જોવા મળશે. કડી કે ગાંધીનગર પરિસરમાં ઈ.સ. ૧૯૮૪ પછી સ્થાપાયેલી કોઈપણ શિક્ષણ સંસ્થા આગળ જઈને ઊભા રહો તો સાંભળવા મળશે કે સુસ્ત સરકારી તંત્રને ચાનક આપીને માણેકલાલે આ એકમ સ્થાપ્યું. એક વિશાળ ગેલેક્સી જાણે! પચાસ હજાર જેટલા વિદ્યાર્થીઓ પૈકી છ હજાર જેટલા છાત્રો અને અઢી હજાર જેટલા પગારદાર કર્મચારીઓ. કેળવણીની એક આકાશગંગા જાણે!

સંપૂર્ણ પૂર્વ તૈયારી સિવાય માણેકલાલ કોઈ નવી સંસ્થાને આંધળિયાં કરીને શરૂ ન કરી દે. મંજૂરીની પૂર્વભૂમિકામાં જરૂરી તમામ કાર્યવાહી કે આવશ્યક સગવડો પૂરી કરે. મંજૂરી અર્થે પાટણ (ઉ.ગુ.યુનિ.,) અમદાવાદ (ગુજ.યુનિ.) કે ગાંધીનગર (સચિવાલય) અનેક વાર જઈ કામને વેગ અપાવે. અને આ બધું સ્વ ખર્ચે, સમય શ્રમ અને ખર્ચ બધું માણેકલાલનું પોતાનું ! આ બાબતમાં પૂર્વ ગુજરાતના મુખ્યમંત્રીશ્રી અને આજના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીનો અભિપ્રાય જુઓ : 'સામાન્ય રીતે સંસ્થાઓ ચલાવનારા લોકો મુખ્યમંત્રી પાસે 'આ નથી થતું ને પેલું નથી થતું.'ની ફરિયાદોનાં રોદણાં લઈ આવતા હોય છે. તેમાં અપવાદરૂપ માણેકલાલ નવાં આયોજનો લઈને આવે છે. માણેકલાલ મુલાકાત માટે સમય માગે ત્યારે સમજી લેવાનું કે બે-પાંચ એકર જમીન આપવાની આવી. આ એક માત્ર એવી સંસ્થા છે જે નવા વિચારો અને ચોક્કસ આયોજનો સાથે આવે છે. ખુબ જ સારી બાબત છે. તેમું ટીમવર્ક પણ સારું છે. સારી રીતે તેઓ પ્રબંધન કરી રહ્યા છે.'

શિક્ષણનું કોઈપણ નવું એકમ શરૂ કરવાનું હોય ત્યારે ખાતાં સરકાર કે એ અંગેની તપાસ સમિતિની અપેક્ષિત તમામ જરૂરિયાતો સંપૂર્ણ અને ક્ષતિરહિત હોય, એ માણેકલાલ પહેલેથી જ તપાસી લે છે. મકાન, સ્ટાફ, સાધનસામગ્રી બધું જ તૈયાર હોય. ૧૯૯૫માં ફાર્મસી કોલેજની મંજૂરી અગાઉ કોલેજનું મકાન અને ૧૨ લેબોરેટરીઓ તૈયારી જોઈને છૌ..ઝ્..ઈ. (તપાસ સમિતિ)ના સભ્યો ઘણા પ્રભાવિત થયેલા. એવી જ રીતે ૨૦૦૫માં એન્જિનિયરીંગ કૉલેજ માટે આવેલી ઉપયુક્ત સમિતિના સભ્યો પ્રભાવિત થઈ ગયા હતા. કૉલેજનાં મકાનોની સાથોસાથ માણેકલાલ હૉસ્ટેલોનાં મકાનો પણ તૈયાર કરાવી દેતા એ એમની શક્તિનું સ્વયંસ્પષ્ટ પ્રમાણ હતું.

પ્રભુને એક જ પ્રાર્થના કરવાનું મન થાય કે -
આવા મહાપુરુષો આ ધરતી પર અવતરતા રહો
અને આ યાત્રા આમ જ અનંત ચાલતી રહો.

- મિતેષ મોદી

'ફ્રીડમ ઓફ સો એન્ડ સો' : સંભલ કે, આગે ખતરા હૈ...!!!

બુધવાર પહેલા આપણામાંથી કેટલાયે ચાર્લી હેબ્ડો નામના ફ્રેંચ મેગેઝીનનું નામ સાંભળેલું? કાર્ટુન જગત સાથે સંકળાયેલા મુઠ્ઠીભર લોકો સિવાય કોઈને આ ફ્રેંચ કટાક્ષ મેગેઝીનની ખબર નહોતી પણ બુધવારે અંદાજે બપોરે બાર વાગે થયેલા આ મેગેજીનની ઓફીસ પરના હુમલા પછી આખાયે વિશ્વે ચાર્લી હેબડો (કે હેબ્દો) નામના આ મેગેઝીન વિષે જાણ્યું. અમાનવીય અને અત્યંત ઘાતકી કૃત્યમાં ૧૨ લોકોએ પોતાના પ્રાણ ખોયા જેમાં ચાર તો ફ્રાંસના પ્રખ્યાત વ્યંગ ચિત્રકારો હતા. સમગ્ર વિશ્વે એકી અવાજે પોતાની સંવેદનાઓ જુદા જુદા માધ્યમથી પ્રગટ કરી પણ સાથે સાથે એક નવા અને વિચારવાલાયક મુદ્દા પર પણ લોકોની પ્રતિક્રિયાઓ શરુ થઇ ગઈ અને એ હતો ફ્રીડમ ઓફ એક્સપ્રેસન/ ફ્રીડમ ઓફ સ્પીચનો.

ચાર્લી હેબ્ડો મેગેજીનમાં મોટાભાગે ઠઠ્ઠાચિત્રો છપાતા જેને સાદી ભાષામાં આપણે કાર્ટુન તરીકે જાણીએ છીએ અને લગભગ બધા જ ધર્મો, વ્યક્તિઓ કે બનાવો પરના એના વ્યંગચિત્રો ફ્રાન્સમાં મશહુર હતા. હેબ્ડો એટલે ફ્રેંચ ભાષામાં ફરફરિયું અને ચાર્લી એટલે મજાકીયું એવો અર્થ ધરાવતા આ મેગેજીને પોતાના નામને સાર્થક કરતા હોય એમ સીરીઝ ઓફ કાર્ટુન્સ છાપવાની પોતાની પ્રણાલી ચાલુ રાખેલી. કાર્ટુન એ કોઈ પણ ગંભીર કે પછી હળવી પરિસ્થિતિ કે વ્યક્તિવિશેષ ને ઉજાગર કરવાનું સચોટ માધ્યમ છે. જે વાત ૧૦૦૦ કે ૨૦૦૦ શબ્દોનો લેખ નાં કહી શકે એ વાત એક ટચુકડા કાર્ટુનમાં દોરાયેલી લાઈનોના માધ્યમથી વધુ સચોટ રીતે કહી શકાય છે. કાર્ટુનનો મુખ્ય હેતુ લોકોને જાગૃત કરવાથી લઈને ઘણીવાર કોઈ પણ ઘટનાની બીટવીન ધ લાઈન્સ વાચકોને બતાવવાનો હોય છે જો કાર્ટુન વધુ પડતું એકપક્ષી કે કોઈનું ફેવર કરતું બનતું જાય તો જોનારના ચહેરા પર સ્માઈલ ની બદલે ક્ષોભ, ગુસ્સો પણ લાવી શકે છે અને ચાર્લીના કેસમાં એકજેટ એ જ થયું.

ચાર્લીના બનાવની આગળની વાતો આપણે બધા જાણીએ જ છીએ પણ અહી સવાલ એ ઉપસ્થિત થાય છે કે ફ્રીડમ ઓફ... નો અર્થ શું? એની લીમીટ શું? એને એક્સ્પ્રેસ્સ કરવાની કોઈ હદ ખરી કે નહિ? એક વાતે આપણે બધા જ સહમત છીએ કે મુક્ત વિચાર અને મુક્ત બોલચાલનો બધાને બંધારણીય અને માનવીય દ્રષ્ટીએ પણ હક્ક મળેલો છે એમાં નાં નહિ પણ સાથે સાથે એ પણ નાં ભૂલવું જોઈએ કે બિલકુલ એ જ રીતે ફ્રીડમ ઓફ બીલીવનો હક્ક પણ મળેલો જ છે. વાત કોઈ એક ધર્મની નહિ પણ દરેક ધર્મની છે અને ખાલી ઈસ્લામ જ નહિ પણ આ બાબતમાં તો જગતના દરેક ધર્મો અને એના ફોલોવર્સનો ખ્યાલ પણ સરખો જ છે. ધર્મોના નામે વિશ્વભરમાં અનેક યુધ્ધો ખેલાયેલા છે અને હજુ પણ ખેલાતા રહેશે જ એ હકીકત છે. સવાલ એ છે કે જેટલી ચોક્કસતા અને એકમતતા બોલવા કે લખવા કે બતાવવાની સ્વતંત્રતા માટે લાગુ પડે છે બિલકુલ એટલી જ સ્વતંત્રતા ધર્મમાં માનવા માટે પણ લાગુ પડે જ છે. કોઈ એક ધર્મમાં માનનારની ધર્મિક લાગણીઓનો ખ્યાલ એટલી જ ચોક્કસતાથી રાખવો પડે જેટલી ચોક્કસતાથી તમે તમારા ધર્મ અને એણે લગતી બાબતોનો રાખતા હોવ છો. આ એક એવો સિક્કો છે જેની બંને બાજુ સરખી જ છાપ હોવી જોઈએ.

એ વાત નાં ભૂલવી જોઈએ કે તમારા માટે જે મજાકનો વિષય હોય એ બીજા માટે આસ્થાનો સવાલ હોઈ શકે છે અને એ વાતે બધાએ સહમત થવું જ રહ્યું. અહી ચાર્લી હેબ્ડોની ઓફીસ પર થયેલા જઘન્ય કૃત્યનો બચાવ કરવાનો કોઈ ઈરાદો નથી જ. આવા બનાવો હમેશા વખોડવાપાત્ર જ હોય અને છે જ પણ વાત એ છે કે કોઈ એક ધર્મ વિષે સતત અને લગભગ એકતરફી મજાક કે વિરોધનો સુર પોકાર્યો કરવો એ એક પ્રકારની નુક્તેચીની નહિ તો બીજું શું? બની શકે કે ચાર્લી એ સતત છાપેલા મુહમ્મદના કાર્ટુનો કે ઈસ્લામને લગતી બીજી બાબતોના વ્યંગચિત્રો પાછળ એમનો વ્યવસાયિક ઈરાદો હોય કે પછી અંગત જીદ હોય પણ એ ચિત્રોથી સતત કોઈ એક ખાસ વર્ગને ટાર્ગેટ થયાની અનુભૂતિ થઈ એનું પરિણામ ૧૨ લોકોના મોતથી આવ્યું એ પણ નાં ભૂલવું જોઈએ. ફ્રેંચ કાયદાઓ મુજબ આ બધું છૂટછાટને પાત્ર હશે જ પણ ફ્રેંચ એ પૂરું વિશ્વ નથી. ચાર્લીએ સતત છાપેલા કાર્ટુનો અને એના સ્ટાફના લોકોના નિવેદનોથી ચાર્લી ફક્તને ફક્ત ઈસ્લામને ટાર્ગેટ કરે છે એવી છાપ પડી જો કે ચાર્લીમાં બીજા ધર્મોના પણ કાર્ટુનો છપાતા જ હતા પણ સતત મુહમ્મદ કે ઈસ્લામના કાર્ટુનો છાપીને ચાર્લીએ કદાચ ફ્રીડમ ઓફ એક્સ્પ્રેસ્સન કે ફ્રીડમ ઓફ સ્પીચનો અવળો અર્થ લઈ લીધો હોય એમ લાગ્યા વગર રહેતું નથી.

રઝળપાટ
અજય ઉપાધ્યાય
akurjt@gmail.com

વાતને ચાર્લીથી પીકે પર વાળીએ તો અગેઈન એ જ મુદ્દો સામે આવે છે કે ફ્રીડમ ઓફ એક્સપ્રેસનની હદ શું? અહી એ યાદ રાખવું ઘટે કે ભારત એ ફ્રાંસ નથી. ફ્રાન્સમાં મુસ્લિમો લઘુમતીમાં છે અને અહી હિન્દુઓ બહુમતીમાં પણ વાત તો એક જ છે અને એ છે ધર્મમાં માનનારાઓ પરનો વ્યંગ. પીકે માં આમીરખાન છે એટલે વિરોધ થાય છે કે આમીરખાન છે એટલે પીકે બન્યું એ વિવાદનો વિષય છે પણ મહત્વનો સવાલ એ છે કે ફ્રીડમ ઓફ એક્સપ્રેસનના નામે કોઈ એક ધર્મમાં માનનારાઓની લાગણી સાથે ખિલવાડ કરવું કેટલે અંશે વ્યાજબી છે? નો ડાઉટ પીકે માં બીજા ધર્મોમાં ફેલાયેલી બદીઓની પણ વાત તો છે જ પણ ચાર્લીએ કરેલી ભૂલ પણ પીકે માં છે જ અને એ છે હિંદુ ધર્મ અને એની બદીઓ પર લગભગ એકતરફી પ્રહાર અને જો પીકે ના વિરોધમાં કોઈ આતંકિત ભાષાનો કે વર્તન નો ઉપયોગ કરે તો એ નાં ભૂલવું જોઈએ કે દરેકને પોતાની અસ્થા/માન્યતાનો બચાવ કરવાનો સરખો હક્ક છે. પીકે ની તરફેણ કરનાર અક્કલમંદ અને પીકે નો વિરોધ કરનાર બુદ્ધિબઠ્ઠો એવું સાદું તારણ બાંધવું ખોટું છે કેમકે પસંદ - નાપસંદ અને માનવું -ના માનવું એ દરેકની અંગત બાબત છે અને દરેકને એની ફ્રીડમ પણ છે. સવાલ એ નથી કે ફિલ્મ કેટલાને ગમી છે કે કેટલા કરોડ રૂપિયાનો વેપાર કરી રહી છે પણ સવાલ એ છે કે જો આને આપણે ફ્રીડમ ઓફ એક્સપ્રેસન ગણતા હોઈએ તો ભગવાન બચાવે!!! ફિલ્મોથી સમાજ બદલાય છે એવું કોઈ બુદ્ધિજીવી માનતું હોય તો એ એને મુબારક યસ ફિલ્મ એ સમાજ નો આયનો છે પણ જરૂરી નથી કે મનોરંજન વિવાદીત રીતે જ રજુ કરાય. ફિલ્મ એ માસ મીડીયમ છે અને એની વ્યાપક અસરો થઈ શકે છે એવા બનાવો ભૂતકાળમાં નોંધાયેલા છે પણ હકીકતમાં ફિલ્મો મનોરંજનનું માધ્યમ છે અને એને મનોરંજન તરીકે જ લેવું જોઈએ એની નાં નહિ પણ તો પછી મનોરંજનના નામે ધાર્મિક ભાવનાઓ સાથે છેડછાડ શા માટે ? અને એ પણ ત્યારે કે જયારે આપણે જાણતા હોઈએ કે ભલે લાખ સારા ઈરાદાઓ હોય છતાં પણ આવી છેડછાડથી ચોક્કસ વર્ગ અને માન્યતા ધરાવનારાઓ ક્ષુબ્ધ થઈ શકે છે. આવી અવળી ફ્રીડમ ઓફ સો એન્ડ સો રોકી શકાય કે નહિ?

ચાલો એકવાર એ વાત પણ માની લઈએ કે વિચાર સ્વતંત્રતાના બહાને આપણે પીકે જેવી ફિલ્મો કે ચાર્લીએ છાપેલા કાર્ટુનોને બનાવી શકીએ છીએ કે બતાવી શકીએ છીએ પણ શું આપણે જે માનીએ છીએ એ જ બધા માને છે એવું માનવું ભૂલભરેલું નથી ? ચાર્લીના નરસંહારનો વિશ્વભરના મુસ્લિમોએ વિરોધ કર્યો જ છે બિલકુલ એ જ રીતે પીકે માં કશું વાંધાજનક નથી એવું અનેકો હિન્દુઓએ પણ કહેલું છે પણ સવાલ એ ઉપસ્થિત થાય છે કે તમારી માન્યતાને બધા એકીઅવાજે વધાવી લેશે કે એમાં હા એ હા પુરાવશે એવી માનસિકતાથી બનાવેલી કોઈ કૃતિને ફ્રીડમ ઓફ એક્સપ્રેશનના ઓઠા નીચે કઈ રીતે લાવી શકો? અગેઇન જવાબ એ જ છે કે વધુ પડતી ફ્રીડમના નામે કોઈની લાગણીઓ સાથે રમવા જતા અંજામ ખરાબ આવી શકે છે કેમકે વાત એકદમ સીધી ને સટ જ છે કે જે તમારા માટે મજાક કે પછી ટાર્ગેટ કરવાનું બહાનું હોય એ જ વસ્તુ, વિષય કે વ્યક્તિ બીજા માટે સન્માનીય કે આદરણીય હોય શકે છે અને અહી જ એ વાત અગત્યની છે કે ફ્રીડમ ઓફ સો એન્ડ સો જેટલું જ અગત્યનું છે બીજાની વિચારશીલતા, માન્યતા કે પછી આસ્થાઓને પણ માન આપવું કે આદર આપવો. ચાર્લીએ સતત અને સળંગ રીતે એકધારું કોઈ એક માન્યતાને ખંડિત કરવાની કોશિશ કરી જે સરવાળે તો ફ્રીડમ ઓફ એક્સપ્રેસનનો જ ભંગ હતો કેમકે મુક્ત વિચાર, વાણી કોઈને હરગીજ એ બાબતની છૂટ નથી જ આપતી કે કોઈ ચોક્કસ પોઈન્ટ પર જ તમે અટકી જાવ કારણ કે તો તો પછી એ મુક્ત નહિ પણ પૂર્વગ્રહ યુક્ત એક્સપ્રેશન જ થયું ગણાય. અગેઇન અહી કોઈ એક ધર્મને લક્ષ્યમાં લીધા વગર વાત ને ફરીથી વાચવાની છૂટ છે !!!

હવે જો ચાર્લીના કાર્ટુનો કે પીકે ના જોક્સોને પણ મુક્ત વાણી સ્વાતંત્ર્ય નીચે આવરી લેતા હો તો પછી ઓવેસી કે સાક્ષી મહારાજ જેવાઓના બફાટ ને કઈ શ્રેણીમાં મુકશો? માથું ખંજવાળવું પડે એવી વાત છે ભૈયા!!! અને આપણે તો ક્યારે કોણ ચાર્લીના રોલમાં આવી જાય એ જ નક્કી નથી થતું. ક્યારેક સાક્ષી મહારાજ, ક્યારેક ઓવેસી તો ક્યારેક કુરેશી તો વળી ક્યારેક દિગ્વિજય. વાણીસ્વાતંત્ર્યના નામે બફાટો ચાલુ જ રહે છે અને એનો અંજામ આવે છે અત્યાન્ધિક બનાવોમાં. સવાલ એ છે કે કોઈ એક સમૂહ, વ્યક્તિ કે સંસ્થાને સતત ઉશ્કેરાય એ હદ સુધી જો વાણી સ્વાતંત્ર્યના નામે ઘોચપરોણા કર્યા જ કરો તો પછી એ નાં ભૂલવું જોઈએ કે વિચારવાનું સ્વાતંત્ર તો દરેકની પાસે છે જ અને દરેક એને પોતપોતાની બુદ્ધિ અને માન્યતાઓ મુજબ એનો સવળો કે અવળો અર્થ કાઢી જ શકે છે. ચાર્લી પરના હુમલાને એકરીતે મીડિયા પર થયેલા હુમલા સાથે જોડીને જોવાની સાથે સાથે મીડિયા એ પણ એક વાતનો ઘડો લેવો જોઈએ કે વ્યક્ત કરવાની સ્વતંત્રતાનો એમણે કઈ રીતે અને કેટલો ઉપયોગ કરવો છે કેમેક ચાર્લીના બનાવ પછી આપણે ચાર્લીએ છાપેલા અસંખ્ય કાર્ટુનો જોયા જ છે. વાત એ નથી કે કોઈ ચરમપંથીઓની ધમકીઓથી ડરીને મીડિયાએ સમાજને સાચી દિશા દેખાડવાનું એનું કામ અટકાવી દેવું પણ વાત એ પણ અગત્યની છે કે એ દિશા દેખાડવા જતા ક્યાંક ખુદ મીડિયા ભટકી નાં જાય એનું પણ ધ્યાન રાખવું પડશે.

આ ફ્રીડમ ઓફ સો એન્ડ સો અને સોશિયલ મીડિયાને પાક્કી ભાયબંધી છે. ચાર્લી પરના હુમલા પછી કાર્ટુનો અને સહાનુભુતિના ધોધમાર મેસેજો વહેતા કરવાની પ્રસંશનીય અને ઉમદા ફરજ બજાવનાર સોશિયલ મીડિયા પર ફ્રીડમ ઓફ સો એન્ડ સો નો સાચો અર્થ જાણવા મળે છે. વિના રોકટોક અને વગર વિચાર્યે કોઈની તરફેણ કે વિરોધ કરતા સ્ટેટસ શુરવીરો કે ટવીટવીરો ને મન ફ્રીડમ ઓફ એક્સપ્રેસન એટલે આવ દેખા નાં દાવ ઓર લગે રહે જેવું છે. કોઈએક વિચારધારાનો વિરોધ તો ઠીક પણ પોતાને પ્રગતિશીલ અને બુશ્શીજીવી ગણાવાની લ્હાયમાં અત્યંત ઉગ્ર દલીલો કરતી વખતે એ